ટ્રસ્ટનું નામ: શ્રી ક્રિષ્ના એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ
શાળાનું નામ: ક્રિષ્ના માધ્યમિક શાળા
જિલ્લો: દેવભૂમી દ્વારકા
સરનામું: વડત્રા, તા.ખંભાળીયા, જિ.દેવભૂમી દ્વારકા.
નવી માધ્યમિક શાળાનો અરજી નંબર:
GSEB/G/18/446

ઉપરોકત જણાવેલ સંસ્થા દ્વારા શાળા મકાન પૂર્ણ થયેલ છે, જે માટે વડત્રા ગ્રામપંચાયતનું તા.૧૯/૦૧/૨૦૧૮ ના રોજનું BUP રજૂ કરેલ છે. અત્રેની કચેરીને મળેલ અન્ય રજૂઆત દ્વારા શાળા મકાનનું બાંધકામ ચાલુ છે તેમ છતાં તલાટીમંત્રી દ્વારા BUP આપવામાં આવેલ છે. જે હકીકત ધ્યાને લઇ તા.૦૧/૦૬/૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ કામચલાઉ મંજૂરી રદ કરવાનો નિર્ણય કરવામાં આવે છે. શાળા દ્વારા જો કોઇ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવેલ હોય તો તાત્કાલિક અસરથી પ્રવેશ રદ કરવો અને વિદ્યાર્થીને અન્ય શાળામાં પ્રવેશ આપવાનો રહેશે. આ અંગેની જવાબદારી શાળા સંચાલક મંડળ અને શાળાના આચાર્યની રહેશે.

સહી/-
(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના:-
-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દેવભૂમી દ્વારકા ને જરૂરી કાર્યવાહી કરી અત્રેની કચેરીને જાણ કરવી.

**ટ્રસ્ટનું નામ**: શ્રી ચાણક્ય એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ
**શાળાનું નામ**: પરફેકટ માધ્યમિક શાળા
**જિલ્લો**: દેવભૂમી દ્વારકા
**સરનામું**:ક્રિષ્ના નગર, ભાટીયા, કલ્યાણપુર, દેવભૂમી દ્વારકા.
નવી માધ્યમિક શાળાનો અરજી નંબર:
GSEB/G/18/403

ઉપરોકત જણાવેલ સંસ્થા દ્વારા શ્રી કણજારીયા નાનજીભાઇ પેથાભાઇની માલીકીના પ્લોટ નંબર-૨૬ પર આવેલ મકાન અને પ્લોટ નંબર-૨૫ ની ખુલ્લી જમીન રમત ગમત માટે ૧૦ વર્ષના ભાડાપટ્ટે રાખેલનો કરાર દર્શાવેલ છે. અત્રેની કચેરીને મળેલ અન્ય રજૂઆત મુજબ શ્રી કણજારીયા નાનજીભાઇ પેથાભાઇની માલીકીનો ફકત પ્લોટ નંબર-૨૬ છે કે જેમાં શાળાનું મકાન દર્શાવેલ છે જયારે કે પ્લોટ નંબર-૨૫ કે જેમાં શાળાનું મેદાન દર્શાવેલ છે તેનાં માલીકીના આધારો દર્શાવેલ નથી. હકીકતને આધારે વિગતો ધ્યાને લઇ તારીખ:૦૧/૦૬/૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ કામચલાઉ મંજૂરી રદ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. શાળા દ્વારા જો કોઇ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવેલ હોય તો તાત્કાલિક અસરથી પ્રવેશ રદ કરવો અને વિદ્યાર્થીને અન્ય શાળામાં પ્રવેશ આપવાનો રહેશે. આ અંગેની જવાબદારી શાળા સંચાલક મંડળ અને શાળાના આચાર્યની રહેશે.

સહી/-
(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના:-
-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દેવભૂમી દ્વારકા ને જરૂરી કાર્યવાહી કરી અત્રેની કચેરીને જાણ કરવી.